# ચિલ્ડ્રન્સ ગાર્ડિયન

જે બાળકોને સુરક્ષાની જરૂરત હોય તેમના માટે
સંભવિત સર્વોત્તમ પરિણામ મેળવવામાં મદદ કરે છે

**The Children's Guardian**

Helping to achieve the best
possible outcome for children who
need safeguarding

(Gujarati)

## સી.એ.એફ.સી.એ.એસ.એસ. CAFCASS શું છે?

ધ ચિલ્ડ્રન એન્ડ ફેમિલિ કોર્ટ એડવાઈઝરી એન્ડ સપોર્ટ સર્વિસ - સી.એ.એફ.સી.એ.એસ.એસ. The Children and Family Court Advisory and Support Service – CAFCASS નું કામ, ફેમિલિ કોર્ટ (કૌટુંબિક કાયદાની અદાલત)ની કાર્યવાહીઓમાં સંકળાયેલાં બાળકોના હિતોનું રક્ષણ[1] કરવાનું અને તેને બઢતી આપવાનું છે. અમે બાળકો અને તેમના પરિવારો સાથે કામ કરીને બાળકોની વાત સાંભળવામાં આવે અને તેમની જરૂરતો પૂરી કરવામાં આવે છે તેની ખાતરી કરીએ છીએ.

અમે કોર્ટને સલાહ આપીએ છીએ, જેથી તેઓ જે નિર્ણયો કરે તે બાળકોના સર્વશ્રેષ્ઠ હિતમાં હોય. અમે કોર્ટ્સ, સોશિયલ સર્વિસીસ[2], એજ્યુકેશન અને હેલ્થ ઓથોરિટીઓ તેમજ તેના જેવી બીજી બધી જ સંસ્થાઓથી સ્વતંત્ર છીએ. અમે ફક્ત ફેમિલિ કોર્ટ્સમાં જ કામ કરીએ છીએ. આ ક્રિમિનલ કોર્ટ્સ (ફોજદારી અદાલતો) નથી.

[1] ધ ચિલ્ડ્રન એક્ટ 2004 (બાળકોને લગતો કાયદો), બાળકો સાથે કામ કરતી સંસ્થાઓ અને મંડળો ઉપર, ખાસ કરીને બાળકો તંદુરસ્ત રહે, સલામત રહે, આનંદ અને સફળતા મેળવી શકે, હકારાત્મક યોગદાન આપે અને આર્થિક સદ્ધરતા પ્રાપ્ત કરી શકે તેના સંદર્ભમાં બાળકોના હિતનું રક્ષણ કરવાની અને તેને બઢતી આપવાની કાયદેસરની ફરજ મૂકે છે.

[2] આ પત્રિકામાં શબ્દ 'સોશિયલ સર્વિસીસ'નો અર્થ લોકલ ઓથોરિટીઓ તેમનાં સામાજિક સેવાનાં કામો અને ખાસ કરીને બાળકો માટેની સામાજિક સંભાળનાં જે કામો કરે છે તે માટે કરવામાં આવ્યો છે.

## ચિલ્ડ્રન્સ ગાર્ડિયન એટલે શું?

ચિલ્ડ્રન્સ ગાર્ડિયનો સોશિયલ વર્ક (સમાજ સેવાના કામ)ની લાયકાત મેળવેલાં હોય છે અને તેમને બાળકો અને પરિવારો સાથે કામ કરવાની તાલીમ મેળવેલાં અને તેમાં અનુભવી હોય છે. સોશિયલ સર્વિસીસની સંડોવણી થયેલી હોય તેવા કેસોમાં બાળકોના અધિકારો અને હિતોનું પ્રતિનિધિત્વ કરવા માટે કોર્ટ દ્વારા તેમની નિમણૂંક કરવામાં આવે છે. તેઓ સોશિયલ સર્વિસીસ, કોર્ટો અને કેસમાં સંકળાયેલાં બીજાં બધાં જ લોકોથી સ્વતંત્ર હોય છે. ચિલ્ડ્રન્સ ગાર્ડિયનો સી.એ.એફ.સી.એ.એસ.એસ. CAFCASS માટે કામ કરતાં હોય છે અથવા તેઓ કદાચ સ્વ-રોજગારી હોય અને અમારી સાથે કોન્ટ્રાક્ટ હેઠળ કામ કરતાં હોય એવું બની શકે.

## ચિલ્ડ્રન્સ ગાર્ડિયનો શું કરે છે?

ચિલ્ડ્રન્સ ગાર્ડિયનો જે બાળકોનું પ્રતિનિધિત્વ કરતાં હોય તેમના માટે સંભવિત શ્રેષ્ઠ પરિણામો મેળવવામાં મદદ કરવા માટે હોય છે. ખાસ કરીને તેઓઃ

- બાળક માટે, બાળકો અને પરિવારો સાથે કામ કરવામાં નિષ્ણાત હોય તેવા સોલિસિટરની નિયુક્તિ કરે છે
- કોર્ટ પોતાના નિર્ણયો લે તે પહેલાં શું કામ કરવું જરૂરી છે તે વિશે કોર્ટને સલાહ આપે છે
- બાળક માટે શું સર્વશ્રેષ્ઠ રહેશે એમ તેમને લાગે છે તે જણાવતો રીપોર્ટ કોર્ટ માટે લખે છે. આ રીપોર્ટમાં બાળકની ઈચ્છાઓ અને લાગણીઓ કોર્ટને જણાવવામાં આવેલી હોવી જ જોઈએ.

આ કરવા માટે, ચિલ્ડ્રન્સ ગાર્ડિયનો બાળકને અને તેના પરિવારનાં સભ્યોને જાણવા/સમજવામાં સમય વિતાવે છે. તેઓ પરિવારને જાણતાં હોય તેવાં બીજાં લોકો, જેમ કે સગાં, શિક્ષકો, સોશિયલ વર્કરો અને હેલ્થ વિઝિટરો સાથે વાત કરે છે. તેઓ બાળકના વતી મીટિંગોમાં હાજરી આપે છે, નોંધો તપાસે છે અને રીપોર્ટો તેમજ બયાનો વાંચે છે. બાળકો માટેના નિષ્ણાત ડોક્ટરો અથવા માનસશાસ્ત્રી જેવાં અન્ય વ્યવસાયિક લોકો પાસેથી મદદ મેળવવી જોઈએ એવી ભલામણ પણ તેઓ કોર્ટને કરી શકે.

## હું ચિલ્ડ્રન્સ ગાર્ડિયનને જે કંઈ પણ કહીશ તે ખાનગી રહેશે?

તમે ચિલ્ડ્રન્સ ગાર્ડિયનને જે કંઈ પણ માહિતી આપશો તેનો સમાવેશ કોર્ટ માટે તેમણે લખેલા રીપોર્ટમાં કરવામાં આવી શકે, અને બીજા હેતુઓસર પણ તે માહિતી બીજાંને આપવામાં આવી શકે. દાખલા તરીકે, જો બાળકની સુરક્ષાને લગતી ચિંતા હોય તો બીજી સંસ્થાઓને માહિતી આપવાનું ક્યારેક જરૂરી બને છે. આ ઉપરાંત, બાળકો અને પરિવારોના ફાયદા માટે સંશોધનો કરવાની અમને અધિકૃત પરવાનગી મળેલી છે અને અમુક અમુક સમયે કોઈ નામ બહાર પાડ્યા વગર તમારી માહિતીનો ઉપયોગ આવાં સંશોધનોમાં કરવામાં આવી શકે.

## બાળક જે ઈચ્છતું હોય તેની જ હંમેશાં ચિલ્ડ્રન્સ ગાર્ડિયનો ભલામણ કરે છે?

ચિલ્ડ્રન્સ ગાર્ડિયનો હંમેશાં બાળકની ઈચ્છાઓ અને લાગણીઓને ધ્યાનમાં લે છે અને તે વિશે કોર્ટને જાણ કરે છે, પરંતુ તેઓ પોતે શું શ્રેષ્ઠ હોવાનું વિચારે છે તે પણ તેમના રીપોર્ટમાં જણાવેલું હશે. આ કદાચ બાળક જે ઈચ્છતું હોય તે ન પણ હોય.

## ચિલ્ડ્રન્સ ગાર્ડિયન જે સલાહ આપે તેવું કોર્ટ હંમેશાં કરે છે?

શું થશે તેનો નિર્ણય કરવાનું કોર્ટના હાથમાં છે, પરંતુ ચિલ્ડ્રન્સ ગાર્ડિયન શું કહે છે તેની કોર્ટ ધ્યાનપૂર્વક નોંધ લેશે. જો ચિલ્ડ્રન્સ ગાર્ડિયને કરેલી ભલામણ સાથે કોર્ટ અસહમત થશે, તો તે સમજાવશે કે શા માટે.

## ચિલ્ડ્રન્સ ગાર્ડિયનનો રીપોર્ટ મને જોવા મળશે?

ચિલ્ડ્રન્સ ગાર્ડિયનનો રીપોર્ટ કોર્ટમાં મોકલવામાં આવે તે પહેલાં સામાન્ય રીતે તેઓ તે વિશે તમારી સાથે ચર્ચા કરશે. તે જ્યારે કોર્ટને મોકલવામાં આવશે ત્યારે જો તમારા સોલિસિટર હોય તો તેમને અથવા સીધા તમને પણ તે મોકલવામાં આવે છે.

## મારાં મંતવ્યો ધ્યાનમાં લેવાય છે?

અમારી બધી જ સેવાઓ અને પ્રવૃત્તિઓ ઉપરના અભિપ્રાયોને અમે આવકારીએ છીએ, કારણ કે તે અમારી સેવાનો વિકાસ અને સુધારા કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. અમારી સેવાનો ઉપયોગ કરનારાં બધાં જ લોકોની - બાળકો અને યુવાન લોકો, માતાપિતાઓ, સગાં, કોર્ટો તેમજ અન્ય સંસ્થાઓની - વાત અમે સાંભળવા માગીએ છીએ.

આ અભિપ્રાયો:

- અમારી નીતિઓ અથવા કાર્યપદ્ધતિઓ ઉપરની અથવા અમારી સેવાનાં બીજાં કોઈ પણ પાસાંની **ટીકા** હોઈ શકે;
- અમારા કામ અથવા કોઈ વ્યક્તિગત ચિલ્ડ્રન્સ ગાર્ડિયન માટે આપવામાં આવેલા **અભિનંદન** હોઈ શકે;
- અમારી સાથે તમારે કરવા પડેલા કોઈ પણ કામકાજ વિશે કોઈ **ફરિયાદ** હોઈ શકે.

અમારી સેવા વિશે મળેલી બધી જ ટીકાઓ, અભિનંદનો અને ફરિયાદોની અમે નોંધ કરીશું, તેમની તપાસ કરીને પુનઃવિચારણા કરીશું, અને તેનાં પરિણામો અમારા એન્યુઅલ રીપોર્ટ (વાર્ષિક અહેવાલ)માં પ્રસિદ્ધ કરવામાં આવશે.

અમારી સેવાનો વિકાસ કરવાના અને સંશોધનના હેતુસર, એક વાર કાર્યવાહી પૂરી થઈ ગયા પછી અમે કદાચ તમારો સંપર્ક કરીને તમારા અભિપ્રાયો માગીએ એવું બને.

## ટીકાઓ અને અભિનંદનોની જાણ મારે કેવી રીતે કરવી?

તમારે જે કોઈ પણ ટીકાઓ (કે સૂચનો) કરવી હોય અથવા અભિનંદનો આપવાં હોય તે (બની શકે તો લેખિતમાં) લાગતા વળગતા ચિલ્ડ્રન્સ ગાર્ડિયનને મોકલી આપો, અથવા આ પત્રિકાની પાછળ આપેલા સરનામે સ્થાનિક સી.એ.એફ.સી.એ.એસ.એસ. CAFCASSના મેનેજરને મોકલી આપો. તમે તમારી ટીકાઓ કે મંતવ્યો આ સરનામે ઈમેઈલ મારફતે અમારી રાષ્ટ્રિય ઓફિસમાં પણ મોકલી શકો છો yourviews@cafcass.gov.uk.

તમારો કેસ પૂરો થયા પછી તમે તમારા કેસમા સંકળાયેલા ચિલ્ડ્રન્સ ગાર્ડિયન અથવા આગળના પાને જણાવ્યા મુજબ તેમના મેનેજર સાથે એક ફીડબેક મીટિંગ કરવા માટેની વિનંતી પણ કરી શકો છો.

## સી.એ.એફ.સી.એ.એસ.એસ. CAFCASS દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાથી હું ખુશ ન હોઉં તો શું કરવું?

અમે બધી જ કૌટુંબિક અદાલતી કાર્યવાહીઓમાં સર્વોચ્ચ ગુણવત્તાની સેવા પૂરી પાડવાનું અને બાળકો તેમના જીવનના કટોકટીભર્યા સમયમાં પોતાની વાત કહી શકે તે માટેનો અવાજ પૂરો પાડવાનું લક્ષ્ય રાખીએ છીએ. અમે ક્યારે અમારાં આ લક્ષ્યો પૂરાં કરવામાં ચૂકી ગયાં હોવાનું સેવાના ઉપયોગકર્તાને લાગે છે તે જાણવું અમારા માટે અગત્યનું છે.

અમારી પાસે ફરિયાદ કરવા માટેની પ્રક્રિયા છે, જે બધી જ ફરિયાદોનો ઉકેલ ઝડપથી, ન્યાયી રીતે અને બને તેટલી અસરકારકતાપૂર્વક લાવવામાં આવે છે તેની ખાતરી કરવા માટે બનાવવામાં આવી છે. ફરિયાદો માટેની પ્રક્રિયાનો પરિચય નીચેથી મળી શકશે. આખી પ્રક્રિયા સેવાનાં ઉપયોગકર્તાઓ માટેની પુસ્તિકામાં[3] જણાવવામાં આવી છે, જે તમારી સ્થાનિક સી.એ.એફ.સી.એ.એસ.એસ. CAFCASS ઓફિસમાંથી મળી શકે છે અથવા તે અમારી આ વેબસાઈટ પરથી તેના *'ઈન્ફોર્મેશન' Information* વિભાગમાંથી મેળવી શકાય છે www.cafcass.gov.uk.

## મારે ફરિયાદ કરવી હોય તો શું કરવું?

જો તમે સેવાના કોઈ પણ ભાગથી ખુશ ન હો, તો હંમેશાં સૌથી પહેલાં તમારે સી.એ.એફ.સી.એ.એસ.એસ. CAFCASS ના લાગતા વળગતા ચિલ્ડ્રન્સ ગાર્ડિયનને તેની જાણ કરવી જોઈએ. કદાચ તે બાબત ત્યાં ને ત્યાં જ ઉકેલી શકાય એમ હોય. અથવા ઉપર જણાવ્યા મુજબ તમે તમારો કેસ પૂરો થયા પછી ફીડબેક મીટિંગની વિનંતી કરી શકો.

[3] Your Views Count – How to make a comment, compliment or complaint about our work

જો તમે આમ કરવા ન માગતાં હો અને તેના બદલે આગળ વધીને ફરિયાદ કરવા માગતાં હો, તો શક્ય તેટલું જલદી સી.એ.એફ.સી.એ.એસ.એસ. CAFCASS ના સ્થાનિક મેનેજરનો સંપર્ક કરો, પરંતુ ફરિયાદ મોકલવા માટે નીચે જણાવેલી સમયમર્યાદા ધ્યાનમાં રાખો.

*જો તમે રીપોર્ટમાં લખવામાં આવેલી વિગતો સાથે સહમત ન થતાં હો, તો તે વિશે કોર્ટમાં સુનાવણી વખતે જ મુદ્દો ઉઠાવવાનું સામાન્ય રીતે સૌથી સારું છે.*

*અમને ફરિયાદ કરીને કોર્ટના ચૂકાદાનું જે પરિણામ આવ્યું હોય તે બદલવાનું શક્ય નથી. કોર્ટ દ્વારા લેવામાં આવેલા નિર્ણય સાથે તમે સહમત ન હો, તો તમારે કોર્ટના તે ચૂકાદા સામે અપીલ કરવાની સંભાવના વિશે કાનૂની સલાહ લેવાની જરૂર છે.*

એ નોંધ કરવાનું અગત્યનું છે કે અમે કેટલા સમયની અંદર ફરિયાદો સ્વીકારી શકીશું તે માટેની સમય મર્યાદાઓ છે. પુખ્ત વયનાં લોકોએ બનાવ કે ઘટના બન્યાના ત્રણ મહિનાની અંદર આ કરી દેવાનું રહે છે. આ સમય મર્યાદાઓ વિશેની સંપૂર્ણ વિગતો માટે કૃપા કરીને *'તમારાં મંતવ્યો અગત્યનાં છે' Your Views Count* નામની પુસ્તિકા જુઓ.

તમારી ફરિયાદ મળી હોવાની પહોંચ તમને અમારા તરફથી કામના પાંચ દિવસની અંદર મળી જવી જોઈએ.

બાળકો તરફથી કોઈ પણ સમયે ફરિયાદો સ્વીકારી શકાય છે. જો કોઈ બાળક ફરિયાદ કરવા માગતું હોય તો તેને તે માટેની આખીયે પ્રક્રિયા દરમ્યાન એક સ્વતંત્ર એડવોકેટની સહાયતા આપવામાં આવશે.

**બાળકની સુરક્ષા**

બાળકો ઉપર તેમને મોટા પ્રમાણમાં નુક્સાન થવાનું જોખમ રહેલું છે કે નહિ તે જાણવા માટે અમે બીજી સંસ્થાઓ સાથે મળીને તપાસ કરીએ છીએ. આમાં જ્યાં બાળકોએ ઘરમાં કુટુંબમાં હિંસા થતાં જોઈ હોય તેવા કિસ્સાનો પણ સમાવેશ થઈ જાય છે. પોલીસ, સોશિયલ સર્વિસીસ અને ચાઈલ્ડ પ્રોટેક્શન રજિસ્ટર સાથે મળીને નિયત તપાસ કાર્યવાહી કરવામાં આવે છે. જો કોઈ બીજી વધારાની સંસ્થાઓ (દા.ત. જીપી, સ્કૂલ) સાથે વધારે તપાસ કરવાની જરૂર પડશે તો અમે તમને તેની જાણ કરીશું. તે માહિતીનો ઉપયોગ કોર્ટ માટે રીપોર્ટ તૈયાર કરવા માટે કરવામાં આવશે અને તેને કદાચ સોશિયલ સર્વિસીસને પણ મોકલવામાં આવી શકે.

જે ગોઠવણોને કારણે બાળકો અથવા યુવાન લોકો કે તેમનાં કેરરોની સલામતી ઉપર કોઈ પ્રકારે જોખમ મૂકાતું હોય તો તેવી ગોઠવણોને અમે ટેકો આપીશું નહિ.

**વિવિધતા**

અમે બાળકોની વ્યક્તિગત જરૂરતોને ટેકો આપવાનું તેમજ તેઓ જે જુદા જુદા સમાજોમાં ઉછરે છે તેનાં મૂલ્યોનું માન જાળવવાનું ધ્યેય રાખીએ છીએ. અમારી સેવાનો ઉપયોગ કરનારાં લોકોની વિવિધતાને લગતી માહિતીની અમે નોંધ કરીને તેની પર દેખરેખ રાખીએ છીએ - જેમ કે તેમના લઘુમતી વંશમૂળ, ભાષા અને ખાસ જરૂરતો - જેથી બાળકો અને પરિવારોને આપવામાં આવતી અમારી સેવાની ગુણવત્તામાં અમે સતત સુધારો કરી શકીએ. આ માહિતીથી અમને રેસ રિલેશન્સ અમેન્ડમેન્ટ એક્ટ – Race Relations Amendment Act 2000, ડિસેબિલિટી ડિસ્ક્રિમિનેશન એક્ટ – Disability Discrimination Act 1995 અને વેલ્શ લેંગ્વેજ એક્ટ – Welsh Language Act 1993ની જરૂરતો અનુસાર વર્ણીય સમાનતા અને સેવાઓની ઉપલબ્ધીને પ્રોત્સાહન આપવામાં પણ મદદ મળે છે.

**માહિતી**

અમે જે રીતે માહિતી એકઠી કરીએ છીએ, તેની પર કાર્યવાહી કરીએ છીએ અને જેવી રીતે માહિતી ઉપલબ્ધ કરાવીએ છીએ તે કાયદાના નિયંત્રણ હેઠણ કરવામાં આવે છે. નીચેના મુદ્દાથી તમને કદાચ વધારે જાણકારી મળી શકેઃ

- અમારું કામ એવા પ્રકારનું છે જે માટે અમારે સેવાનાં ઉપયોગકર્તાઓ વિશેની અંગત માહિતી ઉપર કાર્યવાહી કરવાની જરૂરી બને છે. આવાં બધાં જ કામો ડેટા પ્રોટેક્શન એક્ટ – Data Protection Act 1998 અનુસાર કરવામાં આવે છે. ડેટા પ્રોટેક્શન રજિસ્ટર ઉપરનો અમારો દાખલો વેબસાઈટ www.cafcass.gov.uk પરથી જોઈ શકાય છે
- ડેટા પ્રોટેક્શન એક્ટ હેઠળ, તમારા વિશે રાખવામાં આવેલી માહિતીની નકલો જોવા માગવા માટે તમે હકદાર છો
- ફ્રીડમ ઓફ ઈન્ફોર્મેશ એક્ટ – Freedom of Information Act 2000 અનુસાર અમારી સેવા વિશેની માહિતી પૂરી પાડવા માટે અમે વચનબદ્ધ છીએ.

અમે ડેટા પ્રોટેક્શન એક્ટ અથવા ફ્રીડમ ઓફ ઈન્ફોર્મેશન એક્ટનું પાલન કરીને તે અનુસાર કેવી રીતે કામ કરીએ છીએ તે વિશેની વધારે વિગતો માટે, કૃપા કરીને અમારી વેબસાઈટ www.cafcass.gov.uk પર *ઈન્ફોર્મેશન Information* વિભાગ જુઓ અથવા તમારી સ્થાનિક સી.એ.એફ.સી.એ.એસ.એસ. CAFCASS ઓફિસનો સંપર્ક કરો.

અમારી વેબસાઈટ પર અમારી સેવાઓની આખી શ્રેણી વિશેની વધારે માહિતી પણ આપવામાં આવેલી છે.

www.cafcass.gov.uk